# અકસ્માતોની જાણ મારે કેવી રીતે કરવી? (How do I report accidents?)

રીપોર્ટિંગ ઓફ ઈન્જરીઝ, ડિસિઝ એન્ડ ડેન્જરન્સ અકરન્સીસ રેગ્યુલેશન્સ 1995 (આર.આઈ.ડી.ડી.ઓ.આર.) અનુસાર, મૃત્યુ, 3 દિવસ કરતાં વધારે લાંબી ચાલે તેવી ઈજાઓ, અમુક પ્રકારના રોગ અને કેટલાક ખતરનાક બનાવોની જાણ કરવી જરૂરી બને છે.

બધા જ અકસ્માતો, રોગો અને ખતરનાક બનાવોની ઈન્સિડન્ટ કોન્ટેક્ટ સેન્ટર (આઈ.સી.સી.)ને જાણ કરી શકાય. આ કોન્ટેક્ટ સેન્ટરની સ્થાપના 1લી એપ્રિલ 2001ના રોજ યુકેમાં તમામ બનાવોની જાણ કરવા માટેના એકમાત્ર સંપર્ક સ્થળ તરીકે કરવામાં આવી હતી.

તમે નીચેનામાંથી કોઈ પણ રીતે બનાવોની જાણ કરી શકો છોઃ

**ટેલિફોનઃ** 0845 3009923 (સોમવારથી શુક્રવાર સવારે 8.30થી સાંજે 5.00 સુધી)
**ઈન્ટરનેટઃ** www.riddor.gov.uk
**ફેક્સઃ-** 0845 3009924 (ફેક્સ રીપોર્ટિંગ ફોર્મ) અથવા
**પોસ્ટ કરોઃ** Incident Contact Centre, Caerphilly Business Park, Caerphilly, CF83 3GG

તમે લાગતાવળગતા છાપેલા ફોર્મ ભરીને સીધા જ તમારી સ્થાનિક એચ.એસ.ઈ.ની ઓફિસમાં કે લોકલ ઓથોરિટીને મોકલી આપીને તેમને પણ જાણ કરી શકો છો. તે ફોર્મ છેઃ

- **F2508- Report of an injury or dangerous occurrence કોઈ ઈજા કે ખતરનાક બનાવની જાણ કરવા માટે**
- **F2508A- Report of a case of disease રોગ થયો હોય તેની જાણ કરવા માટે**
- **F2508G1- Report of a flammable gas incident આગ લાગી શકે તેવા ગેસને લગતા બનાવની જાણ કરવા માટે**
- **F2508G2- Report of a dangerous gas fitting ગેસના ખતરનાક ફિટિંગની જાણ કરવા માટે**
- **F2508OIR9b - Report of an injury or dangerous occurrence offshore ઓફશોરમાં થયેલી ઈજા કે ખતરનાક બનાવની જાણ કરવા માટે**

આ રીપોર્ટો પર કાર્યવાહી કરવા માટે તે આઈ.સી.સી.ને મોકલી આપવામાં આવશે.